પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪ ૧૫ માર્ચ, ૨૦૨૨, મંગળવાર; ફાગણ સુદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# જથ્થાબંધ ફૂગાવાનો દર ૧૩.૧૧ ટકા પર પહોંચ્યો

## રિટેલ ફુગાવો હજુ છ ટકા, જથ્થાબંધ ભાવાંકની અસર રિઝર્વ બેંકની વ્યાજ દરની રણનીતિમાં જોવા મળશે નહી

નવી દિલ્હી, તા.૧૪

દેશમાં મોંઘવારી વધશે એવા અંદાજો ફરી સાચા પુરવાર થયા છે. જાન્યુઆરી મહિનામાં દેશમાં જથ્થાબંધ ચીજોનો ફુગાવો (ડબલ્યૂપીઆઈ) ૧૨.૯૬ ટકા હતો તે ફેબ્રુઆરીમાં વધી ૧૩.૧૧ થયો હોવાનું સરકારે આજે જાહેર કર્યું હતું. વિવિધ અર્થાશાત્રીઓનો અંદાજ અનુસાર ઉંમાં વૃદ્ધિ ૧૨.૧૦ ટકા રહેવાની ધારણા હતી. આ મહિનામાં ઈંધણના ભાવ ગત વર્ષ કરતા ૩૧.૫૦ ટકા વધ્યા હોવાથી ફુગાવો ઉંચો આવ્યો હતો.

જથ્થાબંધ ભાવ આધારિત આ મોંઘવારી છેલ્લા ૧૧ મહિનાથી સતત બે આંકમાં વધી રહી છે. ગત ફેબ્રુઆરીએ ફુગાવો ૪.૮૩ ટકા હતો.

ખાધચીજોમાં ફેબ્રુઆરી મહિનામાં ભાવ વૃદ્ધિ ૮.૧૯ ટકા રહી હતી જે ગત મહીને ૧૦.૩૩ ટકા હતી. શકભાજીના ભાવો ૨૬.૯૩ ટકા વધ્યા હતા જે ગત મહીને ૩૮.૪૫ ટકા વધ્યા હતા.

સૌથી મહત્વની વાત છે કે દેશમાં છેલ્લા ત્રણ મહિનાથી પેટ્રોલ અને ડિઝલના ભાવ સ્થિર છે. ચુંટણીના કારણે ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી. જયારે આ ભાવમાં ફેરફાર થશે, તેમાં વૃદ્ધિ થશે ત્યારે મોંઘવારી હજુ વધી શકે છે. કેન્દ્ર સરકારે સ્વીકાર્યું હતું કે આ મહીને મોંઘવારી ઉંચી રહેવાનું કારણે મહદઅંશે પેટ્રોલીયમ પેદાશોના ભાવમાં વૃદ્ધિના કારણે જોવા મળ્યું છે. જોકે, રિઝર્વ બેંક વ્યાજ દર નક્કી કરવા માટે ગ્રાહક ભાવાંક (કે સીપીઆઈ)ની ગણતરી ધ્યાનમાં લેતી આવે છે. રિટેલ ફુગાવો હજુ પણ છ ટકા આસપાસ જ હોવાથી જથ્થાબંધ ભાવાંકની બહુ અસર રિઝર્વ બેંકની વ્યાજ દર અંગેની રણનીતિમાં જોવા મળશે નહી.

## આવતીકાલથી ૧૨થી ૧૪ વર્ષના બાળકોને રસી આપવામાં આવશે

### ૬૦ વર્ષથી વધુ વયના બૂસ્ટર ડોઝ લઈ શકશે, દેશમાં ૧૫થી ૧૮ વર્ષના વયજૂથમાં ૩ કરોડથી વધુ કિશોરોને કોવિડ-૧૯ની વેક્સિન આપવામાં આવી

નવી દિલ્હી, તા.૧૪

કોવિડ સામે રસીકરણના અભિયાનમાં હવે બાળકોને પણ સામેલ કરવામાં આવી રહ્યા છે. સરકારે જાહેરાત કરી છે કે ૧૨થી ૧૪ વર્ષના બાળકોને ૧૬ માર્ચ (બુધવાર)થી કોવિડની રસી આપવામાં આવશે. કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાએ સોમવારે જાહેરાત કરી કે ૧૨થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોને બુધવારથી રસી અપાશે. આ ઉપરાંત ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટિઝન્સ વેક્સિનનો બૂસ્ટર ડોઝ લઈ શકશે.

તેમણે હિંદીમાં ટ્વિટ કરી હતી કે, બાળકો સુરક્ષિત રહેશે તો દેશ પણ સુરક્ષિત રહેશે. ૧૨થી ૧૪ વર્ષના બાળકોને બાયોલોજિકલ ઈનીકાર્બેવેક્સ વેક્સિન આપવામાં આવશે. માર્ચની શરૂઆતમાં જ કેન્દ્રિય મંત્રીએ જણાવ્યું હતું કે દેશમાં ૧૫થી ૧૮ વર્ષના વયજૂથમાં ત્રણ કરોડથી વધુ કિશોરોને કોવિડ-૧૯ની વેક્સિન આપવામાં આવી છે. યુવા ભારત વિશ્વમાં સૌથી મોટા રસીકરણ અભિયાનને આગળના તબક્કે લઈ જવા માંગે છે. માંડવિયાએ ટ્વિટ કરી કે સૌને મફત વેક્સિન આપવાના અભિયાનને આગળ વધારવામાં આવી રહ્યું છે.



વસંતોત્સવ - ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે દેશની સંસ્કૃતિની અભિવ્યક્તિના દર્શન વસંતોત્સવમાં થાય છે... બે વર્ષના કોરોના કાળ બાદ સોમવારે સાંજથી ભારે ઉલ્લાસમય વાતાવરણમાં અલગ-અલગ નૃત્યશૈલીની પ્રસ્તુતિથી વસંતોત્સવ આરંભાયો હતો...

## ભાજપે નિયુક્ત કર્યા ચાર રાજ્યોના કેન્દ્રીય પર્યવેક્ષક

### અમિત શાહને મળી ઉત્તર પ્રદેશની જવાબદારી : ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં મળેલી જીત બાદ હવે ભાજપ સરકાર બનાવવાની તૈયારી તેજ કરી રહી છે

નવી દિલ્હી, તા.૧૪

ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં મળેલી જીત બાદ હવે ભાજપ સરકાર બનાવવાની તૈયારી તેજ કરી રહી છે. પાંચ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં પંજાબને છોડીને બાકી તમામ રાજ્ય ભાજપના કબજામાં આવી ગયા છે. ઉત્તર પ્રદેશમાં તેને પ્રચંડ જીત મળી છે. તો બીજી તરફ ઉત્તરાખંડ અને મણિપુરમાં પણ સરકારની વાપસી થઈ છે. આ પ્રકારે ગોવામાં ભાજપ સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી છે.

હવે ભાજપે આ રાજ્યોમાં સરકાર બનાવવા માટે પર્યવેક્ષકોની જવાબદારી આપી છે. ધારાસભ્ય દળના નેતા ચૂંટવા માટે કેન્દ્રીય નેતાઓને રાજ્યોમાં મોકલવામાં આવશે અને મંત્રીઓના નામને લઈને પણ ચર્ચા થઈ શકે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ઉત્તર પ્રદેશ માટે કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને રઘુવર દાસને પર્યવેક્ષક બનાવવામાં આવ્યા છે.

ઉત્તરાખંડમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને મીનાક્ષી લેખી પર્યવેક્ષક નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પ્રકારે મણિપુરમાં કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ અને કેંદ્રીય મંત્રી કિરણ રિજીજૂ પર્યકેક્ષક બનીને જશે. ગોવામાં નરેન્દ્ર સિંહ તોમર અને એલ મરૂગન પર્યવેક્ષક બનાવવામાં આવ્યા છે.

## તુર્કીની મધ્યસ્થીથી રશિયા-યુક્રેન વાતચીતની શક્યતા

### તુર્કીએ દાવો કર્યો છે કે પુતિન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કી સાથે વાતચીત કરવા માટે તૈયાર થઈ શકે છે

કીવ, તા.૧૪

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે ૧૯મો દિવસ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ એકવાર ફરીથી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન સાથે વાતચીત પર આશા વ્યક્ત કરી છે. વોલોદિમિર જેલેન્સ્કીએ કહ્યું કે રશિયા અને યુક્રેનના પ્રતિનિધિ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રોજ વાતચીત કરી રહ્યા છે અને તેઓ બંને દેશોના રાષ્ટ્રપતિઓ વચ્ચે વાતચીત માટે જમીન તૈયાર કરવામાં લાગ્યા છે. આ બાજુ તુર્કીએ દાવો કર્યો છે કે રશિયા અને યુક્રેનના રાષ્ટ્રપતિ જલદી વાતચીત કરી શકે છે.

તુર્કીએ દાવો કર્યો છે કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કી સાથે વાતચીત કરવા માટે તૈયાર થઈ શકે છે. પુતિને તુર્કીના રાષ્ટ્રપતિ સાથે રવિવારે ફોન પર વાતચીત દરમિયાન આ સંકેત આપ્યો. આ બાજુ તુર્કીએ બંને દેશો વચ્ચે મધ્યસ્થતાનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો છે. તુર્કીના જણાવ્યાં મુજબ તે બંને વચ્ચે સંવાદ કરાવવાની કોશિશ કરી રહ્યું છે. તુર્કીએ કહ્યું કે યુક્રેનના રાષ્ટ્રપતિ પણ પુતિન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ કહ્યું કે અમારા દેશના પ્રતિનિધિ રોજ એકબીજા સાથે વાતચીત કરી રહ્યા છે. તેઓ બંને દેશોના રાષ્ટ્રપતિઓ વચ્ચે સંવાદ સાધવાની કોશિશ કરી રહ્યા છે. લોકો પણ આ બેઠકની વાટ જોઈને બેઠા છે. આ એક મુશ્કેલ કામ છે પરંતુ હાલ આ રસ્તાની જરૂર છે. રશિયા સાથે યુદ્ધ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ કહ્યું કે પુતિન ગમે તેટલી સેના મોકલી, ભલે ગમે તેટલી તાકાત વાપરે પરંતુ જીત યુક્રેનની જ થશે.

## જેઈઈ મેઈન સેશન-૧ની એપ્રિલ-મેમાં પરીક્ષા લેવાશે

### રિવાઈઝ્ડ શિડ્યુઅલ પ્રમાણે ૨૧, ૨૪, ૨૫, ૨૯ એપ્રિલ અને ૧, ૪ મે ૨૦૨૨ના રોજ પરીક્ષા આયોજિત થશે

નવી દિલ્હી, તા.૧૪

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા જેઈઈ મેઈન ૨૦૨૨ (જેઈઈ મેઈન ૨૦૨૨) સેશન-૧ એક્ઝામની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ જેઈઈ મેઈન ૧૬મી એપ્રિલથી ૨૧મી એપ્રિલ દરમિયાન યોજાવાની હતી પરંતુ હવે રિવાઈઝ્ડ શિડ્યુઅલ પ્રમાણે ૨૧, ૨૪, ૨૫, ૨૯ એપ્રિલ અને ૦૧, ૦૪ મે ૨૦૨૨ના રોજ આયોજિત થશે. એનટીએ દ્વારા આ મામલે ઓફિશિયલ વેબસાઈટ પર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ઓફિશિયલ વેબસાઈટ પર જઈને ડિટેઈલ્સ ચેક કરી શકે છે. નોટિસમાં એનટીએ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, અનેક બોર્ડ એક્ઝામ્સની ડેટ્સ સાથે પરીક્ષાની તારીખ ક્લેશ થઈ રહી હતી માટે વિદ્યાર્થીઓની માગણીઓને ધ્યાનમાં રાખીને પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. માત્ર સેશન-૧ પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પરીક્ષા માટે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં સિટી ઈન્ટિમેશન અને એપ્રિલના બીજા સપ્તાહમાં એક્ઝામ એડમિટ કાર્ડ બહાર પાડવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાની લોગઈન ડિટેઈલ્સની મદદથી એડમિટ કાર્ડ મેળવી શકશે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, કોઈ પણ અન્ય અપડેટ્સ માટે વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ જોતા રહેવા જણાવાયું છે.

## મલેશિયા-ફિલિપાઈન્સમાં ૬.૮-૬.૪ની તીવ્રતાના આંચકા

### ધરતીકંપનું કારણ પૃથ્વીની અંદર પ્લેટ્સની અથડામણ :રિક્ટર સ્કેલ ઉપર ૨.૦થી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપોને સૂક્ષ્મ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે

મલેશિયા, તા.૧૪

મલેશિયાના કુઆલાલંપુર ખાતે સોમવારે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર, અહીં આવેલા ભૂકંપની તીવ્રતા ૬.૮ માપવામાં આવી છે. આ સાથે ફિલિપાઈન્સના મનિલા ખાતે પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જ્યાં રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૪ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ભૂકંપની પૃષ્ટિ કરી છે.

ધરતીકંપ આવવાનું મુખ્ય કારણ પૃથ્વીની અંદર પ્લેટ્સની અથડામણ છે. પૃથ્વીની અંદર સાત પ્લેટ્સ છે અને તે સતત ફરતી રહે છે. જ્યારે આ પ્લેટ્સ કોઈ જગ્યાએ અથડાય છે, ત્યારે ફોલ્ટ લાઈન ઝોન હોય છે અને સપાટીના ખૂણાઓ વળી જાય છે. સપાટીના ખૂણાઓના વળી જવાને કારણે ત્યાં દબાણ વધે છે અને પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. આ પ્લેટો તૂટવાથી અંદર રહેલી ઉર્જા બહાર નીકળવાનો રસ્તો શોધી લે છે જેના કારણે ધરતી ધ્રુજે છે અને આપણે તેને ભૂકંપ માનીએ છીએ. રિક્ટર સ્કેલ ઉપર ૨.૦થી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપોને સૂક્ષ્મ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને આ ભૂકંપ અનુભવાતા નથી. રિક્ટર સ્કેલ પર સૂક્ષ્મ શ્રેણીના ૮,૦૦૦ ધરતીકંપ વિશ્વભરમાં દરરોજ નોંધાય છે. એ જ રીતે, ૨.૦થી ૨.૯ની તીવ્રતાના ધરતીકંપોને માઈનોર કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આવા ૧૦૦૦ ધરતીકંપ દરરોજ આવે છે જેને સામાન્ય રીતે આપણે અનુભવતા પણ નથી. એક વર્ષમાં ૪૯,૦૦૦ વખત ૩.૦થી ૩.૯ની તીવ્રતાના અત્યંત હળવી કેટેગરીના ધરતીકંપ નોંધાય છે. આવા ભૂકંપ અનુભવાય છે પરંતુ તેમના દ્વારા ભાગ્યે જ કોઈ નુકસાન થાય છે.

હળવી કેટેગરીના ધરતીકંપો ૪.૦થી ૪.૯ની તીવ્રતાવાળા હોય છે. જે સમગ્ર વિશ્વમાં વર્ષમાં લગભગ ૬,૨૦૦ વખત રિક્ટર સ્કેલ પર નોંધાય છે.

## ટાટા સન્સના ચેરમેન એ ચંદ્રશેખર સંભાળશે એર ઈન્ડીયાની કમાન

નવી દિલ્હી, તા.૧૪

ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને એર ઈન્ડીયાના ચેરમેન બનાવવામાં આવ્યા છે. ટાટા ગ્રુપના પ્રથમ તુર્કીના ઈલ્કર આયસીને એરઈન્ડીયાના મુખ્ય કાર્યકારીના રૂપમાં જાહેર કર્યા હતા, પરંતુ ભારતમાં વિરોધ બાદ ઈલ્કર આયરસીને પદ સંભાળવાની ના પાડી દીધી હતી. ચંદ્રશેખર ઓક્ટોબર ૨૦૧૬ માં ટાટા સન્સના બોર્ડમાં સામેલ હતા અને જાન્યુરી ૨૦૧૭ માં તેમને અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા હતા. એન. ચંદ્રશેખરનનો જન્મ ૧૯૬૩માં તામિલનાડુના મોહનુરમાં થયો હતો. તેણે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાંથી સ્ઞ્છ કર્યુ છે. ચંદ્રશેખરન ૧૯૮૭માં ટાટા ગ્રૂપમાં જોડાયા હતા અને તેમના નેતૃત્વ હેઠળ TCS ટાટા જૂથની સૌથી મોટી કંપની બની હતી તેમજ નફાની દ્રષ્ટિએ સૌથી સફળ પણ બની હતી.

